6/39
Done

ગુજરાત સમાચાર - ૨૫/૬/૧૯ મંગળવાર

# BAOUના ચોથા પદવીદાન સમારોહમાં 12000 વિદ્યાર્થીને પદવી એનાયત




ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ચોથો વાર્ષિક પદવીદાન સમારંભ યોજાઇ ગયો. આ પ્રસંગે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી વિભાવરીબેન દવે, ઇન્દિરાગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નાગેશ્વર રાવ તેમજ રાજ્યપાલ ઓ.પી કોહલી ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટી દ્વારા ચોથા પદવીદાન સમારંભમાં યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાળાઓના સ્નાતક અને અનુસ્નાતક વિવિધ વિષયમાં પ્રથમ ક્રમે આવનાર ૩૭ વિદ્યાર્થીને ગોલ્ડ મેડલ, ૩૮ વિદ્યાર્થીને સિલ્વર મેડલ અને ૪૫ વિદ્યાર્થીને સર્ટિફિકેટ આપવામાં આવ્યા તેમજ ૧૨૦૦૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઇ. આ સાથે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાયે વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવી કોલેજ કેમ્પસમાં સ્પેશિયલ લર્નર સ્ટડી સેન્ટર બનશે તેની જાણકારી આપી હતી.

ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમના વક્તવ્યમાં કહ્યું કે, તાજેતરમાં બીએઓયુ દ્વારા 'તેજતૃષા-૨૦૧૯' હેઠળ એક પ્રસંશનીય પહેલ કરી જે આટલા વર્ષોમાં પહેલી વખત થઇ છે. ઓપન યુનિવર્સિટી દ્વારા આ પ્રકારના પ્રતિભાશોધ કાર્યક્રમોનું આયોજન સરાહનીય છે.